**જ્યારે ખુદા તઆલાના આભારની આદત પૈદા થઈ જાય તો અલ્લાહ તઆલા વધારે ફઝલ ફરમાવે છે અને આ જ ફઝલોને ધ્યાનમાં રાખીને એક સાચો મોમિન કુરબાનીઓ માટે તૈયાર પણ રહે છે અને કરે પણ છે. આ યુગમાં આ વિષયનો વાસ્તવિક જ્ઞાન આપણને (અહેમદીઓને) છે. જેમની સામે આંહઝરત (સ.અ.વ.) નો યુગ પણ છે અને આપના સાચા ગુલામનો યુગ પણ છે અને નમૂનો છે.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૦૪ સપ્ટેમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

એક દુનિયાદાર વ્યકિતને જ્યારે આ કહેવામાં આવે છે કે જો વ્યકિતમાં વાસ્તવિક તકવા (ખુદાનો ખૌફ) પૈદા થઈ જાય તો તેને દુનિયાની તમામ નેઅમતો હાસેલ થઈ જાય છે. તો તે ખરેખર આ કહેશે કે આ બધી બેકારની વાતો છે અને ધર્મના નામે પોતાની પાસે લોકોને ભેગા કરવા માટે લોકો આવી વાતો કરે છે. હાં આ પણ ઠીક છે કેમકે અત્યારે ધર્મના નામે અમુક લોકો આવી વાતો કરે છે અને તેમનાં પોતાનો લાભ હોય છે. પરંતુ ન તો તેમનામાં તકવા હોય છે અને ન તેમને માનનારમાં તકવા હોય છે. પરંતુ તેની તુલનામાં આપણે જોઈએ છીએ કે નબીઓ અને તેમની જમાઅતો તકવાનું વાસ્તવિક જ્ઞાન રાખે છે. આ દુનિયામાં વસવાટ કરીને કારોબારી હોવા છતાં તકવાની શોધ કરે છે અને તકવા પર ચાલે છે. મને સેંકડો પત્રો આવે છે જેમાં આ વાતની રજુઆતો હોય છે કે અલ્લાહ તઆલા અમારામાં અને અમારી સંતાનોમાં તકવા પૈદા કરે. આ પરિવર્તન તેમનામાં ખરેખર હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને સ્વીકારવાથી અને બૈઅતના પ્રણને નિભાવવાના અહેસાસથી છે. આ ખ્વાહિશ અને અલ્લાહ સાથેનો સંબંધ તથા તેના ખૌફે તેમને દુનિયાની વસ્તુઓથી બેપરવાહ તો કર્યા છે પરંતુ દુનિયાની નેઅમતોથી વંચિત ન રહ્યા. અલ્લાહ તઆલા નબીઓને પણ પોતાની નેઅમતોથી નવાઝે છે અને તેમના માનનાર અને તેમની તાલીમ પર ચાલનારને પણ દુનિયાની નેઅમતોથી નવાઝે છે. અમુક વાર કેટલીક ક્ષણિક તંગીઓ હોય છે પરંતુ ફરી અલ્લાહ તઆલાનો ફઝલ થાય છે અને હાલત સુધરે છે. તેવીજ રીતે મુતક્કીમાં (પરહેઝગારમાં) સંતોષ પણ હોય છે. અને સંતોષના કારણે સાધારણ તંગીઓને સહન પણ કરે છે અને પછી અલ્લાહ તઆલાના જે ફઝલ થાય છે જે નેઅમતો મળે છે તેનો ઈઝહાર પણ કરે છે પછી જે અલ્લાહ તઆલા મુતક્કીને આપે છે. થોડાક પર પણ અલ્લાહ તઆલાના આભારની આદત પૈદા થાય છે. અને જ્યારે ખુદાતઆલાના આભારની આદત પૈદા થઈ જાય તો પછી અલ્લાહ તઆલા વધારે ફઝલ ફરમાવે છે અને આ જ ફઝલોને ધ્યાનમાં રાખીને એક સાચો મોમિન કુરબાનીઓ માટે તૈયાર પણ રહે છે. અને કરે પણ છે. આ યુગમાં આ વિષયનો વાસ્તવિક જ્ઞાન આપણને (અહેમદીઓને) છે. જેમની સામે આંહઝરત (સ.અ.વ.) નો યુગ પણ છે. અને આપના સાચા ગુલામનો યુગ પણ છે અને નમૂનો છે.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) આ વાતને બયાન કરતા એક સ્થાને ફરમાવે છે કે જુઓ રસૂલ કરીમ (સ.અ.વ.) થી લોકોએ બધુ છીનવી લીધુ. અને તેવી જ રીતે સહાબા (રઝી) થી પણ છીનવી લીધુ. પરંતુ અલ્લાહ તઆલાની તુલનામાં તેમણે

કોઈ પણ વાતની પરવા ન કરી અંતે ખુદાતઆલાએ તેમને બધુજ આપ્યુ. તેવી જ રીતે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ પણ ખુદાતઆલા માટે બધુ જ છોડ્યું. અને પોતાની ખાનદાની મિલકતના અડધા માલીક હોવા છતાં આપની ભાભી જેમને ખુદાતઆલાએ પછી અહેમદી થવાની તૌફીક આપી. સમજતી હતી કે આપ મુફ્તખોર છો અને ખુબ તંગી થતી હતી. પરંતુ તો પણ ખુદાતઆલાએ આપને બધુજ આપ્યું. આ હાલતનો નકશો આપે આ રીતે ખેચ્યો છે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ પોતાની એક નઝમમાં ફરમાવ્યું કે એક સમય હતો જ્યારે હું બીજાના ટુકડાઓ પર જીવન વિતાવતો હતો. પણ હવે ખુદાએ મને આ તૌફીક આપી છે કે હઝારો લોકો મારા દસ્તરખ્વાન પર ભોજન કરે છે.

આજે આપણો ઈમાન ખરેખર આ વાતથી વધે છે જ્યારે આપણે આપના પ્રારંભિક યુગને અને પછીના યુગને જોઈએ છીએ. આ હાલતને વધુમાં જણાવતાં હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) એ આ રીતે પણ બયાન કર્યુ છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) નો જન્મ થયો તો આપના માતા-પિતાને આપના જન્મ પર આનંદ થયો હશે. પરંતુ જ્યારે આપની ઉમર વધી હશે અને આપની અંદર દુનિયાથી અરૂચી પૈદા થઈ ગઈ તો આપના પિતા આપની આ હાલત જોઈને અફસોસ વ્યકત કરતા હતા કે મારો પુત્ર કોઈ કામને લાયક નથી. હઝરત મુસ્લેહ મૌઉદએ એક ઘટના સંભળાવી કે એક શીખએ આપને જણાવ્યું હતુ કે હું મિર્ઝા ગુલામ અહેમદ સાહેબ પાસે ગયો અને તેમને કહ્યું કે આપના પિતાજીને આ ખ્યાલથી ખુબ દુઃખ થાય છે કે તેમનો નાનો પુત્ર તેમના મોટા ભાઈના રોટલા પર પાલન કરશે. કોઈ કામ નથી કરતો તેને કહો કે મારા જીવનમાં કોઈ કામ કરી લે. તો તેઓ કહે છે કે તેમણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને કહ્યું કે તમે તમારા પિતાજીની વાત કેમ નથી માની લેતા ?. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ જવાબ આપ્યો કે મારા પિતાજી આમ જ દુઃખ વ્યકત કરે છે. તેમને મારા ભવિષ્યની કેમ ચિંચા છે. મારે તો જેની નોકરી કરવી હતી તે કરી લીધી. કહે છે હું પાછો આવી ગયો અને મિર્ઝા ગુલામ મુર્તુઝા સાહેબને આ તમામ વાત કહી દીધી. મિર્ઝા સાહેબે કહ્યું કે જો તેણે આ વાત કહી છે તો ઠીક છે કેમ કે તે જુઠું નથી બોલતો. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે આ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની શરૂઆત હતી ન કે અંત. પરંતુ જે આરઝી અંત જોવા મળે છે તે એ છે કે આપની વફાતના સમયે હજારો લોકો આપ પર કુરબાન થનાર મૌજુદ હતા અને સિવાય તે લોકોના જે સેવા કરતા હતા. લંગરમાં દરરોજ બસો-અઢીસો લોકો ભોજન કરતા હતા. શરૂઆતમાં જ્યારે આપની પાસે કોઈ મુલાકાતી આવતો અને તેમની ભાભીને ભોજન માટે સંદેશ મોકલતા તો તે આગળથી કહી દેતી કે તે આમજ ખાઈ-પી રહ્યો છે. કામકાજ તો કાંઈ કરતો નથી. આમ, આપ પોતાનું ભોજન તે મહેમાનને કરાવી દેતા અને પોતે ભુખ્યા રહી જતા અથવા થોડાક ચણા ખાઈને ગુજારો કરી લેતા. ખુદાની કુદરત છે હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે તે જ ભાભી જે તે સમયે આપને તુચ્છ સમજતા હતા પછી મારા હાથ પર અહેમદીઅતમાં દાખલ થઈ. ઉદ્દેશ અલ્લાહતઆલા તરફથી જ્યારે કોઈ કાર્ય શરૂ કરવામાં આવે છે તો તેની શરૂઆત મોટી નથી દેખાતી પરંતુ તેના પરિણામ પર દુનિયા હેરાન થઈ જાય છે. આજે પણ આપણે જોઈએ છીએ કે કાદીયાન જ નહી બલ્કે દુનિયાના કેટલાક દેશોમાં આપનું લંગર ચાલે છે. તે સમયે તો શાયદ બે-ત્રણ તંદુરોમાં રોટલીઓ થતી હશે અને લંગર ચાલી રહ્યા હતા. અને આજે આપણે જોઈએ છીએ કે આપના લંગરોમાં રોટલીઓના પ્લાન્ટ લાગેલા છે. કાદીયાન, રબ્વાહ તથા અહી યુ.કે. ના લંગરમાં પણ લાખો રોટલીઓ એક સમયમાં બને છે.

આમ શું તે યુગ હતો કે એક મહેમાન આવી જતો તો આપ પોતાનું ભોજન તેને આપી દેતા અને પોતે ભુખ્યા રહેતા અને કયાં આજે કે દુનિયાના અનેક દેશોમાં હજારો લોકો આપના દસ્તરખ્વાન પર ભોજન કરી રહ્યા છે. અને આ પણ અંતિમ નથી હજુ તો આ લંગરો દુનિયાના અનેક દેશોમાં ફેંલાશે ઈન્શા અલ્લાહ. લાખો કરોડો લોકો આપના દસ્તરખ્વાનથી ભોજન કરશે તેવી જે રીતે લાખો અને કરોડો આપને માન્યા પછી તકવામાં વધશે. આમ એક લંગરના નિઝામને જ જો કોઈ ધ્યાનથી જોનાર જોઈ લે અને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની શરૂઆતી હાલતને જમાના સામે મુકે તો આ જ આપની સચ્ચાઈનો એક સબુત બની જાય છે. ખુબ મોટો નિશાન છે અને આપણા ઈમાનોમાં તો ખરેખર આ વધારવાનું કારણ બને છે અને જો પછી આપણે જોઈએ છીએ કે જો આ બધી વ્યવસ્થાને ચલાવવા માટે ધનની કુરબાનીની રૂહ જમાઅતના લોકોમાં પેદા થઈ છે તો આ પણ તે જ તકવાનું પરિણામ છે જે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) સાથે જોડાઈને આપણામાં પેદા થઈ. અલ્લાહ તઆલા આપણા બધાને વાસ્તવિક તકવા પેદા કરવાની તોફિક આપે.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના જીવન ચરિત્રના અમુક પાસાઓ અને અમુક ઘટનાઓ ઉપર પ્રકાશ નાખે છે. તેમાંથી સૂક્ષ્મ વાતો કાઢે છે અને તે પણ આપણા ઈમાનમાં વધારો થવાનું કારણ બને છે અને આધ્યાત્મમાં ઉન્નતિ થાય છે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના ભોજન કરવાની રીતનું વર્ણન કરીને હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના ભોજન કરવાની રીત ઉત્તમ હતી. મેં કોઈ બીજાને આ રીતે ભોજન કરતા નથી જોયા. આપ રોટલીમાંથી એક ટૂકડો તોડતા અને કોળીયો બનાવતા પહેલાં આપ આંગળીઓથી તેના નાના ટૂકડા બનાવતા અને મોંથી સુબ્હાન અલ્લાહ, સુબ્હાન અલ્લાહ કહેતા અને પછી તેમાંથી એક નાનો ટૂકડો લઈને શાકમાં લગાવીને મોંઢામાં મૂકતા. આ આપની આદત એવી હતી કે જોનાર વ્યક્તિ હેરાન થતો અને અમુક લોકો તો ખ્યાલ કરતા કે શાયદ આપ રોટલીમાંથી હલાલ ટુકડા શોધી રહ્યાં છો. પરંતુ વાસ્તવમાં તેનું કારણ એ જ હતુ કે આપણે ભોજન કરી રહ્યાં છીએ અને ખુદાનો ધર્મ મુશ્કેલીઓમાં તડપી રહ્યો છે. પ્રત્યેક કોળિયું આપના ગળામાં ફસાતુ હતુ અને સુબ્હાન અલ્લાહ, સુબ્હાન અલ્લાહ કહીને આપ જાણે કે અલ્લાહ તઆલાના દરબારમાં વિવશતા કરતા હતા. કે તેં આ વસ્તુ અમારી સાથે લગાવી દીધી છે. ભોજન કરવુ ઈન્સાન માટે જરૂરી છે. નહિંતર ધર્મની મુશ્કેલીઓના સમયે અમારા માટે આ કદાપી જાયઝ ન હતુ. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) કહે છે તે ખોરાક પણ જે આપનું હતુ એક ધર્મ યુધ્ધ લડનારની જેમ માલુમ થતુ હતુ. આ એક લડાઈ થતી હતી. તે નાજુક કોમળ ભાવનાઓ દરમ્યાન જે ઈસ્લામ અને ધર્મની સહાયતા માટે ઉઠી રહી હતી અને તે માંગણી દરમ્યાન જે ખુદાતઆલા તરફથી કુદરતના કાનૂનને પૂરા કરવા માટે કાયમ કર્યા હતા. આપનું ભોજન કરવુ પણ એક મજબૂરી હતી. અસલ ચિંતા તો આપને ધર્મની સહાયતા માટે હતી. ઈસ્લામની ઉન્નતિની હતી. આમ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) નો આ નમૂનો આપણને આ તરફ ધ્યાન અપાવે છે કે આપણે અલ્લાહ તઆલાની નેઅમતોને જ્યારે વાપરીએ તો તેનો આભાર માનીએ. એક તો તેની તસ્બીહ કરીએ અને સાથે જ ધર્મની હાલતને મહેસૂસ કરીએ આ માટે કોશીશ કરીએ કે કેવી રીતે આપણે ધર્મના પ્રચાર પ્રસારમાં ભાગ લઈએ. પછી આ ભોજનની રીત જે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની હતી. તસ્બીહના (હમ્દ) વિષયને વિસ્તારપૂર્વક કુરઆન શરીફની આ આયતથી થાય છે. કે જમીન તથા આસમાનની દરેક વસ્તુ અલ્લાહ તઆલાની તસ્બીહ

કરે છે. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) એ ભેદ સમજાવ્યું છે કે જ્યારે ખુદા તઆલા કહે છે કે જમીન તથા આસમાનની દરેક વસ્તુ તસ્બીહ કરી રહી છે તો તેનો ભાવાર્થ એ છે કે તમે આ તસ્બીહને સાંભળો. આમ, માલુમ થયુ કે આ તસ્બીહ એવી છે જેને આપણે સાંભળી શકીએ છીએ. સાંભળવું એક તો નાના દરજ્જાનું છે અને એક મોટા દરજ્જાનું છે. મોટા દરજ્જાનું સાંભળવું તે લોકોને પ્રાપ્ત થાય છે જેમના તેવા જ કાન અને આંખો હોય માટે જ મોમિનને આ કહેવામાં આવે છે કે જ્યારે તે ભોજન શરૂ કરે તો બિસ્મિલ્લા હિરરહેમા નિરરહીમ કહે અને સમાપ્ત કરે તો અલ હમ્દોલિલ્લાહ કહે, કપડાં પહેરે અથવા કોઈ બીજુ દ્રશ્ય જુએ તો તેના પ્રમાણે તસ્બીહ કરે જોકે મોમિનનો તસ્બીહ કરવુ શું છે ? તો એ વસ્તુઓની તસ્બીહની પુષ્ટિ કરવી છે.

જ્યારે ઈન્સાન ભોજન શરૂ કરતા બિસ્મિલ્લાહ પઢે છે ભોજન સમાપ્ત કરવા પર અલહમ્દોલિલ્લાહ પઢે છે. કપડાં પહેરતા દુઆ કરે છે. અલ્લાહને યાદ રાખે છે તો બધુ જે ઈન્સાન કરી રહ્યો હોય છે અસલમાં એ જ તસ્બીહ છે. જે તે વસ્તુઓ તરફથી થઈ રહી હોય છે તેને જોઈને જ્યારે ઈન્સાન શુકરગુઝારી કરે છે તો આ જ તસ્બીહ તે વસ્તુઓ તરફથી પણ થઈ રહી હોય છે. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે જે આના પર અમલ કરે છે રાત-દિવસ ખાઈ અને પીએ છે. પહાડો પરથી ગુજરે છે, દરિયાઓને જુએ છે, હરિયાળી જુએ છે, વૃક્ષો અને ખેતરોને હર્યા-ભર્યા જુએ છે, પક્ષીઓને કલરવ કરતાં સાંભળે છે પણ તેમના દિલો પર શું અસર થાય છે તેમના દિલોમાં પણ તે વસ્તુઓના મુકાબલામાં તસ્બીહ પેદા થાય છે. આમ પ્રત્યેક શુકરગુઝારી જે છે જ્યારે તે ઈન્સાન કોઈ વસ્તુની કરે છે અથવા અલ્લાહની કુદરત જુએ છે તો સુબ્હાન અલ્લાહ પઢે છે. તો જે ઈન્સાનની તસ્બીહ છે અસલમાં તે એ વસ્તુઓની તસ્બીહ છે તેનો ઈઝહાર ઈન્સાનના મોંથી થઈ રહ્યો હોય છે. આ ભેદને સમજવાની જરૂર છે. આમ આ તસ્બીહની રીતને પણ આપણે અપનાવવાની કોશિશ કરવી જોઈએ બલ્કે તકવા તો આ જ છે કે આ પ્રકારની તસ્બીહ આપણો નિયમ બની જાય.

આ યુગમાં અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને ઈસ્લામના વિરોધીઓનું મોં બંધ કરાવવા માટે અને ઈસ્લામની સુંદરતા જાહેર કરવા માટે મોકલ્યા છે. આ વિશે પણ એક ઘટનાનું વર્ણન કરતા હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે એકવાર હઝરત મસીહ મૌઉદ (અ.સ.) મસ્જીદમાં બેઠા હતા કે એક ખ્રિસ્તી આવ્યો અને તેણે કહ્યું કે આપ તો કહો છો કે કુરઆન કરીમની ભાષા ભાષાઓની માતા છે. જ્યારે કે મેક્સ મોલર વગેરેએ લખ્યુ છે કે જે ભાષા ભાષાઓની માતા છે તે સંક્ષિપ્ત હોય છે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ ફરમાવ્યું અમે તો મેક્સ મોલરના આ ફોર્મોલાને નથી માનતા કે ભાષાઓની માતા સંક્ષિપ્ત હોય છે. પરંતુ ચાલો બહેસને ટુંકી કરવા માટે અમે આ ફોર્મોલાને માની લઈએ છીએ. અને અરબી ભાષાને જોઈએ કે આ ધોરણે પુરી ઉતરે છે કે નહી. તે વ્યક્તિએ આ પણ કહ્યું હતું કે અંગ્રેજી ભાષા અરબી ભાષાથી વધારે મહાન છે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) અંગ્રેજી જાણતા ન હતા. પરંતુ અલ્લાહ તઆલાએ આપની જુબાન પર એવા શબ્દો કાઢ્યા કે સામેવાળો માણસ પોતે જ ફસાઈ ગયો. આપે ફરમાવ્યું તમે જણાવો કે અંગ્રેજીમાં મારૂ પાણી ને કેવી રીતે બોલાય ?. તેને કહ્યું My Water આપે ફરમાવ્યું અરબીમાં તો ફક્ત માય કહેવાથી આખુ વાક્ય પુરૂ થઈ જાય છે. હવે તમે જણાવો કે My Water વધારે સંક્ષિપ્ત છે અથવા માય. તે ખુબ લજ્જિત અને લાજવાબ થઈ ગયો. અને કહેવા લાગ્યો કે અરબી ભાષા જ

સંક્ષિપ્ત થઈ. આજ હાલત કુરઆન કરીમનો છે. અલ્લાહ તઆલા રસૂલ કરીમ (સ.અ.વ.) ને વાયદો કરે છે કે તે આપને દુશ્મનોના હુમલાથી બચાવશે જ્યારે દુશ્મને તલવારથી હુમલો કર્યો તો તેણે તેની તલવારને બુંઠી કરી દીધી. દુશ્મનની તલવારો ટુટી ગઈ અને જ્યારે તેણે ઈતિહાસ ઉપર હુમલો કર્યો તો ખુદા તઆલાએ એવા મુસ્લિમો ઉભા કરી દીધા જેમણે ઐતિહાસિક પુસ્તકની છાનબીન કરીને દુશ્મનના વાંધા વિરોધને રદ કરી દીધા અને વિરોધીઓના બુઝુર્ગોની પુસ્તકો ખોલીને બતાવ્યુ કે તે જે વાંધો વિરોધ ઈસ્લામ ઉપર કરે છે તે તેમનાં પોતાના ધર્મ પર પણ પડે છે અને જે ભાગ કુરઆન કરીમ અને હદીસોથી તાલુક રાખે છે તેને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ સાફ કરી દીધુ.

આજે પણ જે લોકો ઈસ્લામ પર એતરાઝ કરે છે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના ઈલ્મે કલામથી તેનો મોં બંધ કરી શકીએ છીએ. માટે આ તરફ આપણે ધ્યાન કરવું જોઈએ. અલ્લાહ તઆલા પોતાના ધર્મની સહાયતામાં પોતે જ નિશાનીઓ પણ દેખાડે છે અને દલિલો પણ આપે છે. અમુક લોકો જે જ્ઞાનની રૂચી રાખે છે તેમના સીના અધિક ખોલે છે. પરંતુ અમુક લોકો એવા પણ હોય છે જેમને ઓછુ જ્ઞાન હોવા છતા આલીમ બનવાના શોખમાં ગૈરજરૂરી વાતો કરી જાય છે. જેનાથી અમુક વાર મુશ્કેલીઓ ઉભી થાય છે. બલ્કે વિરોધીઓને મજાક ઉડાવવાનો મોકો મળે છે. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે એવા લોકો બંને તરફથી ફેરબદલ કરે છે કોઈ નિયમ કાયદો નથી હોતો જોકે અસલ તરીકો દરમ્યાન જ છે. ઈન્સાનને પરિવર્તન કબૂલ કરવા માટે તૈયાર રહેવુ જોઈએ. પરંતુ પરિવર્તન પેદા કરવુ ખુદા તઆલાના હાથમાં છે અને તે જ્યારે ચાહે પરિવર્તન પેદા કરે છે તો પછી દુનિયા તેને પરિવર્તનથી રોકી નથી શકતી.

અમુક લોકોના ખોટા વિચોરો જે છે તે વિશે બયાન કર્યું. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) કહે છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના યુગમાં એક વ્યકિત કાદીયાન આવ્યો તેણે કહ્યું કે જો મિર્ઝા સાહેબને કહેવામાં આવે છે કે આપ ઈબ્રાહિમ છો, નૂહ છો, મુસા છો, ઈસા છો, મુહમ્મદ (સ.અ.વ.) છો તો મને પણ ખુદા તઆલા દરેક સમયે કહે છે કે તું મુહમ્મદ છે. લોકો તેને સમજાવા લાગ્યા તો તેણે કહ્યું કે ખુદા તઆલાનો અવાજ મને આવે છે. તે પોતે મને કહે છે કે તું મુહમ્મદ છે. તમારી દલીલો મારા પર શુ અસર કરી શકે છે કોઈ અસર ન થશે. જ્યારે લોકો સમજાવી સમજાવી ને થાકી ગયા તો તેમણે ખ્યાલ કર્યો કે સારૂ થશે કે તેને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની સેવામાં પેશ કરી દઈએ. આમ તે વ્યકિત હુઝુરની સેવામાં લાવવામાં આવ્યો અને તેને કહ્યું કે ખુદા તઆલા મને દરેક સમયે કહે છે કે તું મુહમ્મદ છે. આપે ફરમાવ્યું જ્યારે તે મને કહે છે કે તું ઈસા છે તો ઈસાવાળી ખુબી મને આપે છે. અને જ્યારે તે કહે છે કે તું મુસા છે તો મુસાવાળી નિશાનીઓ મને આપે છે અને જો તમને અલ્લાહ તઆલા દરેક સમયે મુહમ્મદ કહે છે તો શું તમને કુરઆન કરીમનો જ્ઞાન અને ઉત્તમ વાતો અને હકીકતો પણ આપે છે કે નહી. તેણે કહ્યુ કે કશું નથી આપતો તો આપે કહ્યું કે જુઓ સાચા અને જુઠામાં આ જ ફરક હોય છે. જો કોઈ વ્યકિત સાચી રીતે કોઈને મહેમાન બનાવે છે તો તેને ભોજન આપે છે પરંતુ જો કોઈ કોઈનું મજાક કરે છે તો તે આમ જ તેને બોલાવીને તેના સામે ખાલી વાસણ મુકી દેછે અને કહે છે આ પુલાવ છે, આ જર્દો છે. ખુદા તઆલા મજાક નથી કરતો શૈતાન મજાક કરે છે. જો તમને મુહમ્મદ કહેવામાં આવે છે તો પછી કુરઆન કરીમનો જ્ઞાન અને ઉત્તમ વાતો તથા હકીકતો નથી આપતો તો આવુ કહેવા વાળો શૈતાન છે ખુદા નહી. માટે તે લોકો અમુક વાર અમુક ખુબીઓના કારણે ગલતફહેમીમાં પરોવાઈ જાય છે. અને

મોટા મોટા દાવાઓ કરવા લાગે છે. તે અસલમાં શૈતાનના અસરના કારણે આવુ કરે છે. ખુદા તઆલા તો જ્યારે કોઈને કંઈ આપે છે તો તેની ચમક પણ આપે છે. પોતાની પુષ્ટિને જાહેર પણ કરે છે. નિશાનીઓ જાહેર થાય છે. અલ્લાહ તઆલાનું કાર્ય તેની સાથે કામ કરી રહી હોય છે. આ જ અમે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની સાથે જોયું અને આ જ આપની ભવિષ્યવાણી મુસ્લેહ મૌઉદ જે હતી તે ખલિફતુલ મસીહ સાનીના રૂપમાં પૂર્ણ થતા જોઈ અને આ જ ખિલાફતે અહેમદીયાના સ્થાપનાની ખુશખબરી જે આપી હતી આપ એ અલ્લાહ તઆલાના કાર્યોથી તેને આપણે પૂર્ણ થતા જોયા. અલ્લાહ તઆલા પ્રત્યેક અહેમદીના ઈમાન તથા યકીનમાં તરક્કી અતા ફરમાવે અને તે આ વાતોને સમજનાર બને.

ખુત્બા જુમ્માના અંતમાં હઝુર અનવરએ મુકરમા સાહેબઝાદી ઉમ્મતુલ બારી સાહેબાના જનાઝાનો એલાન કર્યું. જેમની ૩૧ ઓગષ્ટ અને ૧ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ ૮૭ વર્ષની ઉંમરે અવસાન થયું હતુ. તેઓ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની પૌત્રી હઝરત શરીફ અહેમદ સાહેબની પુત્રી અને હઝરત નવાબ મુહમ્મદ અલીખાનની નવાસી હતી અને સૈયદા ઉમ્મતુલ હફીઝ બેગમ સાહેબા અને નવાબ અબ્દુલ્લાહ ખાન સાહેબની પુત્રવધૂ હતી. તેમના પતિ મુકર્રમ અબ્બાસ અહેમદખાન સાહેબ મર્હુમ હતા અને મારી ફોઈ પણ હતી. કાદીયાનમાં ૧૭ ઓકટોમ્બર ઈ.સ. ૧૯૨૮માં જન્મ થયો હતો. અલ્લાહ તઆલા તેમના દરજાત બુલંદ કરે મગફિરત નો સલૂક કરે (આમીન).

**Khulasa Khutba Jumma Huzoor Anwar 4th September 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ______________________________

______________________________

**Ahmadiyya Muslim Community.**
**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**

**Khulasa Khutba Jumma Huzoor Anwar 28th August 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ______________________________

______________________________

**Ahmadiyya Muslim Community.**

**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**